GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


"સૈની ઈન્ડિયા" એક સંપૂર્ણ પાવર સોલ્યુશન આપતી કંપની
છેલ્લા 32 વર્ષથી સમગ્ર ગુજરાતમાં પાવર જનરેશન ક્ષેત્રે અગ્રણી
સિંગલ યુનિટમાં આપે છે 3000 KVA સુધીના પાવર જનરેટરની ક્ષમતા
▸ When the worlds sleeps
▸ Our power keeps working
▸ Ensures uninterrupted Performance
▸ 24x7 service
▸ 365 days a year
▸ Because downtime is not an option
▸ Soundless power
SAINI INDIA
Empowering the nation
(A Rakesh Saini Enterprise)
SINCE 1989
૩૧-૦૩-૨૦૨૬ પહેલાં
ડીજી સેટ ખરીદો અને મેળવો
૨ + ૩ વર્ષની વધારાની વોરંટી
Plot No. 992, Road No. 87, G.I.D.C, Sachin, Surat, Gujarat-394230
Email Id. hp@sainiindia.co.in | Website. www.sainiindia.co.in
Mo.: 95123 55591 | Office : 99041 55591 | 99044 55591

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ અંક : ૧૯ * * * સંવત ૨૦૮૨ મહા સુદ એકમ, સોમવાર ૧૯ જાન્યુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯

પાનાં ૮+II+૮ કિંમત ₹ ૫.૦૦

### દસ ઇયુ દેશો પર દસ ટકા ટેરિફની ટ્રમ્પની ધમકીથી યુરોપિયન દેશોમાં સખત નારાજગી

# EUએ અમેરિકા સાથેનો વેપાર કરાર સ્થગિત કર્યો

**જુલાઇમાં** જેના પર હસ્તાક્ષર થયા હતા તે યુએસ-યુરોપિયન યુનિયન કરારને બહાલી આપવાનો યુરોપિયન સંસદનો ઇન્કાર

**જ્યાં સુધી** અમેરિકન પ્રમુખ દ્વારા ગ્રીનલેન્ડ સંબંધિત આ ટેરિફ પાછા ન ખેંચવામાં આવે ત્યાં સુધી આ કરાર સ્થગિત રહેશે

**પેરિસ, તા. 18 :** અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ડેનમાર્ક પાસેથી ગ્રીનલેન્ડ પર નિયંત્રણ મેળવવાના પ્રયાસો વચ્ચે યુરોપિયન દેશો પર નવા ટેરિફ લાદ્યા બાદ, યુરોપિયન સંસદે એક સીમાચિહ્નરૂપ ટ્રાન્સએટલાન્ટિક વેપાર કરાર પર રોક લગાવી દીધી છે.

આ પગલાથી ગયા વર્ષે થયેલી ટ્રાન્સએટલાન્ટિક સમજૂતીના ભવિષ્ય પર શંકાના વાદળો છવાયા છે. જુલાઈમાં ટ્રમ્પ અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયન દ્વારા હસ્તાક્ષર કરાયેલ યુએસ-EU કરારનો હેતુ વેપાર સંબંધોને સ્થિર કરવાનો હતો. આ યોજના હેઠળ અમેરિકા યુરોપિયન માલ પરના ટેરિફ 15 ટકા પર મર્યાદિત રાખવાનું હતું અને બદલામાં યુરોપ અમેરિકન નિકાસ પરની ડ્યુટી ઘટાડવાનું હતું. પરંતુ વોશિંગ્ટને ગ્રીનલેન્ડ મુદ્દે યુરોપ પર દબાણ વધારતા આ પ્રક્રિયા ખોરવાઈ ગઈ છે. ટ્રમ્પે આ અઠવાડિયે આર્કટિક ટાપુ પર સૈનિકોની નાની ટુકડી મોકલનારા યુરોપિયન રાષ્ટ્રો પર વધારાના 10 ટકા ટેરિફની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે આ લેવી 1 જૂનથી વધીને 25 ટકા થઈ જશે અને જ્યાં સુધી ગ્રીનલેન્ડની સંપૂર્ણ ખરીદી માટે સોદો ન થાય ત્યાં સુધી લાગુ રહેશે. યુરોપિયન નેતાઓએ

...અનુસંધાન પાના II પર

### ગ્રીનલેન્ડ મામલે ટ્રમ્પના ટેરિફને સંપૂર્ણપણે અયોગ્ય ગણાવતા સ્ટારમર

**ફ્રેન્ચ** પ્રમુખ મેક્રોન સહિત યુરોપના અન્ય નેતાઓએ પણ ટ્રમ્પની ધમકીને વખોડી નાખી

**લંડન.** બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટાર્મરે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ગ્રીનલેન્ડ પરના તેમના કબજાના વિરોધમાં યુરોપિયન દેશો પર લાદવામાં આવેલી વધારાની ટેરિફની ધમકીને સંપૂર્ણપણે ખોટી ગણાવી છે. ટ્રમ્પે તેમના 'ટ્રુથ સોશિયલ' પ્લેટફોર્મ પર આ યોજના વિશે પોસ્ટ કર્યા પછી, સ્ટાર્મર શનિવારે રાત્રે અન્ય યુરોપિયન સાથી દેશો સાથે આ પ્રસ્તાવિત પગલાનો વિરોધ કરવા જોડાયા હતા. ટ્રમ્પે 1 ફેબ્રુઆરીથી યુકે, ડેનમાર્ક, નોર્વે, સ્વીડન, ફ્રાન્સ, જર્મની, નેધરલેન્ડ અને ફિનલેન્ડથી યુએસમાં આયાત કરવામાં આવતા માલ પર 10 ટકા ટેરિફ લાદવાની ધમકી આપી છે. આર્કટિકમાં આવેલા એક સ્વાયત્ત ટાપુ, ગ્રીનલેન્ડ અંગે કોઈ સમજૂતી ન થાય ત્યાં સુધી આ ટેરિફ વધીને 25 ટકા પણ થઈ શકે છે. લંડનમાં 10 ડાઉનિંગ સ્ટ્રીટ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં સ્ટાર્મરે જણાવ્યું હતું કે, "ગ્રીનલેન્ડ પર અમારું વલણ સ્પષ્ટ છે - તે ડેનમાર્ક રાષ્ટ્રનો એક ભાગ છે અને તેનું ભવિષ્ય ગ્રીનલેન્ડર્સ અને ડેનીસ (ડેનમાર્કના લોકો)નો વિષય છે." ફ્રેન્ચ પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને ટ્રમ્પની ધમકીને અસ્વીકાર્ય ગણાવી હતી, જ્યારે બીજી તરફ ગ્રીનલેન્ડ અને ડેનમાર્કમાં અમેરિકાના પરાણે કબજો કરવાના પ્રયાસ સામે હજારો લોકો વિરોધ પ્રદર્શન કરવા રસ્તા પર ઉતરી આવ્યા હતા. મેક્રોને જણાવ્યું હતું કે, અમે કોઈપણ પ્રકારની ધાકધમકી સામે ઝૂકીશું નહીં. સ્વીડિશ વડાપ્રધાન ઉલ્ફ ક્રિસ્ટરસને ભારપૂર્વક જણાવ્યું હતું કે યુરોપિયન સાથી દેશોને બ્લેકમેલ કરી શકાશે નહીં. યુરોપિયન યુનિયનના પ્રમુખે સાર્વભૌમત્વને આંતરરાષ્ટ્રીય કાયદાનો પાયાનો સિદ્ધાંત ગણાવ્યો છે.

### ટ્રમ્પના ટેરિફ સામે યુરોપિયન યુનિયનના પ્રતિભાવને ગ્રીનલેન્ડે આવકાર્યા

**કોપનહેગન, તા. 18 :** ગ્રીનલેન્ડે રવિવારે ડેનિશ શાસિત પ્રદેશને પોતાનામાં ભેળવી દેવા માંગતા યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા દંડાત્મક ટેરિફ લાદવામાં આવ્યા હોવા છતાં આર્ક્ટિક ટાપુ માટે પોતાનું સમર્થન જાળવી રાખવા માટે યુરોપિયન દેશોનો આભાર માન્યો હતો. ફ્રાન્સ, જર્મની, બ્રિટન અને અન્ય યુરોપિયન દેશોએ આ અઠવાડિયે ડેનમાર્કની વિનંતી પર ગ્રીનલેન્ડમાં લશ્કરી કર્મચારીઓના નાના જૂથો મોકલ્યા, જેના કારણે ટ્રમ્પે આઠ યુરોપિયન સાથી દેશો પર વેપાર ટેરિફ લાદવાની ધમકી આપી હતી. ગ્રીનલેન્ડના કેબિનેટ મંત્રી નાજા નાથાનીલસેને એક નિવેદનમાં જણાવ્યું હતું કે આપણે અસાધારણ સમયમાં જીવીએ છીએ જે ફક્ત શિષ્ટાચાર જ નહીં પરંતુ મહાન હિંમતની પણ માંગ કરે છે.


...અનુસંધાન પાના II પર

### વધુ એક દેશમાં ઝેન-ઝી દ્વારા વિરોધ પ્રદર્શન શરૂ કરાયું

## સર્બિયામાં સરકાર વિરોધી વિશાળ રેલી : હજારો લોકો જોડાયા

**પ્રમુખ** વુચિકના શાસન પર વ્યાપક ભ્રષ્ટાચારના આક્ષેપો, વહેલી ચૂંટણી યોજવા વિદ્યાર્થીઓની માગ

નોવી સાદ, તા. 18 (AP): સર્બિયામાં શનિવારે હજારો લોકોએ રેલી યોજી હતી. આ દરમિયાન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ પ્રમુખ એલેક્ઝાન્ડર વુચિકના શાસન વિરુદ્ધ તેમના સંઘર્ષના નવા તબક્કાની જાહેરાત કરી હતી. વિદ્યાર્થીઓ છેલ્લા એક વર્ષથી વધુ સમયથી મોટા પાયે પ્રદર્શનોનું નેતૃત્વ કરી રહ્યા છે, જેણે બાલ્કન દેશની આ આપખુદ સરકારને હચમચાવી દીધી છે. આ સાથે જ વિશ્વના વધુ એક દેશમાં ઝેન ઝી દ્વારા સરકાર સામે વિરોધ પ્રદર્શન શરૂ થયું છે.



નોવી સાદમાં પ્રદર્શનકારીઓએ ચોરના નારા લગાવતા સરકાર પર વ્યાપક ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો હતો. તેમનું માનવું છે કે આ ભ્રષ્ટાચારને કારણે જ નવેમ્બર ૨૦૨૪માં ઉત્તરીય શહેરમાં ટ્રેન સ્ટેશન પર દુર્ઘટના સર્જાઈ હતી, જેમાં ૧૬ લોકોના

...અનુસંધાન પાના II પર

## બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુની માર મારીને હત્યા, ત્રણની અટકાયત

**વાડીમાંથી** કેળા ગૂમ થવા મામલે થયેલા ઝઘડામાં હોટલ માલિક લિટન ઘોષને એટલો માર મરાયો કે તે મોતને ભેટ્યો

**ઢાકા, તા. 18 (PTI).** બાંગ્લાદેશના ગાઝીપુરમાં કેળાને લઈને થયેલા ઝઘડા બાદ પરિવારના ત્રણ સભ્યોએ એક હિન્દુ વેપારીની માર મારીને હત્યા કરી નાખી હોવાનું સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો છે. ગાઝીપુર જિલ્લાના કાલિગંજ વિસ્તારમાં શનિવારે બનેલી આ ઘટના બાંગ્લાદેશમાં હિન્દુઓ વિરુદ્ધ તાજેતરમાં થયેલી હિંસા સાથે સંબંધિત છે કે કેમ તેની પુષ્ટિ થઈ નથી.

ધ ડેઈલી સ્ટારના અહેવાલ મુજબ, મૃતક 55 વર્ષીય લિટન ચંદ્ર ઘોષ 'વૈશાખી સ્વીટમીટ એન્ડ હોટેલ'ના માલિક હતા.

કાલિગંજ પોલીસ સ્ટેશનના ઓફિસર-ઈન-ચાર્જ ઝાકીર હુસૈનના જણાવ્યા અનુસાર, એક જ પરિવારના ત્રણ સભ્યો – 55 વર્ષીય સ્વપન મિયા, તેની પત્ની 45 વર્ષીય મજેદા ખાતુન અને તેમનો પુત્ર 28 વર્ષીય માસૂમ મિયાની આ હત્યામાં તેમની કથિત સંડોવણી બદલ અટકાયત

...અનુસંધાન પાના 3 પર

## અબજ ડોલર ખર્ચો અને ટ્રમ્પના 'બોર્ડ ઓફ પીસ'માં કાયમી સ્થાન મેળવો

**સંગઠનના** ચાર્ટર અનુસાર પીસ ઓફ બોર્ડમાં મફત જોડાનારા દેશોને ટર્મ લિમિટનો સામનો કરવો પડશે

**જે રાષ્ટ્રો** સંગઠનને એક અબજ ડોલરનું યોગદાન આપશે તેમને મુદતની મર્યાદા લાગું નહીં પડે

**વોશિંગ્ટન, તા. 18 :** ટ્રમ્પ વહીવટીતંત્ર 'બોર્ડ ઓફ પીસ' નામનું એક મહત્વાકાંક્ષી નવું ઈન્ટરનેશનલ સંગઠનની શરૂઆત કરી રહ્યું છે, પરંતુ અહેવાલ મુજબ ટેબલ પર કાયમી બેઠક મેળવવા માટે સ્પર્ધા કરી રહેલા દેશોએ પ્રવેશની મોટી કિંમત ચૂકવવી પડશે. બ્લૂમબર્ગ દ્વારા સમીક્ષા કરાયેલ ડ્રાફ્ટ ચાર્ટર મુજબ, જે દેશ બોર્ડમાં કાયમી સ્થાન સુરક્ષિત કરવા માંગતા હોય, તેમને ઓછામાં ઓછા એક બિલિયન ડોલરનું યોગદાન આપવાનું ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા કહેવામાં આવી

...અનુસંધાન પાના 3 પર

### પ્રથમ પ્રમુખ તરીકે ટ્રમ્પે મળતી સત્તાઓ

- કોને સભ્ય બનવા માટે આમંત્રિત કરવા તે નક્કી કરશે
- ગ્રુપની સત્તાવાર મહોર (સીલ) ને મંજૂરી આપશે
- સભ્યોને હટાવવાની સત્તા ધરાવશે (બે-તૃતીયાંશ બહુમતી દ્વારા વીટોને આધીન)
- પોતાના ઉત્તરાધિકારીની નિમણૂક કરશે

### ટ્રમ્પના બોર્ડ ઓફ પીસ ફોર ગાઝામાં જોડાવા ભારતને આમંત્રણ મળ્યું

**જોર્ડન,** ગ્રીસ, સાયપ્રસ અને પાકિસ્તાનને પણ રવિવારે આમંત્રણ મળ્યું, અગાઉ કેટલાક દેશોને મળી ચુક્યું છે

**નવી દિલ્હી.** ન્યૂઝ એજન્સી ANIના રિપોર્ટ અનુસાર, અમેરિકાએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પ્રદેશમાં યુદ્ધનો અંત લાવવાના તેમના બીજા તબક્કાના આયોજનના ભાગરૂપે જાહેર કરવામાં આવેલા 'બોર્ડ ઓફ પીસ ઓન ગાઝા'માં જોડાવા માટે

...અનુસંધાન પાના 3 પર

## ભારત આ વર્ષે વૈશ્વિક વિકાસમાં 20% વધારો કરી શકે : WEF ચીફ

**બ્રેન્ડેના** મતે ભારત આ વર્ષે મોટી અર્થતંત્રોમાં સૌથી ઝડપથી વિકસતો દેશ બનશે

**ટ્રમ્પ** અને મોદી વેપાર કરાર પર હસ્તાક્ષર કરી શકે તો તે વધુ સારું રહેશે : બોર્જ બ્રેન્ડે

દાવોસ/નવી દિલ્હી, તા. 18 : વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)ના પ્રમુખ બોર્જ બ્રેન્ડેએ જણાવ્યું હતું કે, ભારત આ વર્ષે મોટી અર્થવ્યવસ્થાઓમાં સૌથી ઝડપથી વિકસતો દેશ બનશે અને તે વૈશ્વિક વૃદ્ધિના 20 ટકા જેટલો હિસ્સો ધરાવશે.

બ્રેન્ડેએ કહ્યું કે જો આ વૃદ્ધિ ઉપરાંત યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વેપાર કરાર પર હસ્તાક્ષર કરી શકે તો તે વધુ સારું રહેશે. તેમણે કહ્યું કે મને હજુ પણ લાગે છે કે આ વર્ષે ભારત મોટા અર્થતંત્રોમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર હશે. અને આપણી પાસે હવે આંકડા છે જે દર્શાવે છે કે ભારત કદાચ સમગ્ર વૈશ્વિક વૃદ્ધિના 20 ટકા હિસ્સો આપી શકે છે. તો પછી ભારત ફક્ત ભારત માટે જ વિકાસ કરી રહ્યું નથી, પરંતુ તે વૃદ્ધિ

...અનુસંધાન પાના 3 પર

## ઉત્તર ભારતમાં શીતલહેર યથાવત : સોનમર્ગમાં તાપમાન માઈનસ 8.9 ડીગ્રી

**હિમાચલ** પ્રદેશમાં પહાડી વિસ્તારોમાં બરફ વર્ષા, ઉત્તર ભારતના અનેક ભાગોમાં ગાઢ ધુમ્મસ

**પૂર્વ ભારતમાં** ઝારખંડમાં સખત ઠંડી



**નવી દિલ્હી, તા. 18 (PTI):** દેશના ઉત્તરીય ભાગોમાં શીત લહેરની સ્થિતિ યથાવત રહી હતી, જેમાં કાશ્મીરમાં લઘુત્તમ તાપમાનમાં ભારે ઘટાડો નોંધાયો હતો અને રવિવારે પંજાબનું અમૃતસર ૧.૭ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે ઠુંઠવાયું હતું.

અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરનું સોનમર્ગ માઈનસ 8.9 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે ખીણનું સૌથી ઠંડુ સ્થળ રહ્યું હતું. શ્રીનગરમાં લઘુત્તમ તાપમાન માઈનસ 4.7 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન

...અનુસંધાન પાના 3 પર

### તા. ૧૮-૦૧-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૨૮.૭° સે. | ૧૫.૨° સે. | ૪૯% |

## ઉ. ભારતમાં ધુમ્મસથી અકસ્માતના ઘણાં બનાવોમાં છનાં મોત

**હરિયાણા** અને યુપીમાં વિવિધ સ્થળે વાહનો અથડાવાના બનાવોમાં અનેકને ઇજા

**દિલ્હી**-લખનૌ હાઇવે પર તો 20 વાહનો એકબીજા સાથે ભટકાઇ પડ્યા

**ગુરુગ્રામ, બરેલી, અમેઠી, તા. 18 (PTI):** ઉત્તર ભારતમાં વિવિધ સ્થળે ગાઢ ધુમ્મસને કારણે વાહન અકસ્માતના અનેક બનાવો બન્યા હતા જેમાં કુલ મળીને છ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા તથા અન્ય સંખ્યાબંધ લોકોને ઈજા થઈ હતી.

હરિયાણામાં કુંડલી-માનેસર-પલવલ એક્સપ્રેસ વે પર આજે રવિવારે સવારે સાડા સાત વાગ્યાના સુમારે ગાઢ ધુમ્મસ વચ્ચે અનેક વાહનો એકબીજા સાથે ભટકાઈ પડતા બે વ્યક્તિઓનાં મોત થયા હતા. આ અકસ્માતને પગલે લાંબો

...અનુસંધાન પાના 3 પર

## ઈરાનના વિરોધ પ્રદર્શનોમાં 5,000 લોકો માર્યા ગયા હોવાનો દાવો

**આતંકવાદીઓ** અને તોફાનીઓએ નિર્દોષોને નિશાન બનાવ્યા હોવાનું તહેરાનનું નિવેદન

**1979ની** ઇસ્લામિક ક્રાંતિ પછી હાલના વિરોધ પ્રદર્શન ઇરાનની સૌથી ઘાતક અશાંતિ

**તહેરાન, તા. 18 :** ઈરાનમાં થયેલા વિરોધ પ્રદર્શનોમાં અત્યાર સુધીમાં લગભગ 500 સુરક્ષા કર્મચારીઓ સહિત ઓછામાં ઓછા 5,000 લોકો માર્યા ગયા હોવાનો દાવો ઈરાનમાં રહેતા એક ઈરાની અધિકારીએ આજે રવિવારે કર્યો હતો. તેમણે આતંકવાદીઓ અને સશસ્ત્ર તોફાનીઓ પર નિર્દોષ નાગરિકોને નિશાન બનાવવાનો આરોપ લગાવ્યો હતો. એક સમાચાર એજન્સી જણાવ્યા અનુસાર, અધિકારીએ જણાવ્યું હતું કે આંકડાઓની ચકાસણી કરવામાં આવી છે અને ઉમેર્યું હતું કે અંતિમ મૃત્યુઆંકમાં તીવ્ર વધારો થવાની શક્યતા નથી.

આર્થિક મુશ્કેલીઓને લઈને 28 ડિસેમ્બરે રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા અને આગામી બે

...અનુસંધાન પાના 3 પર

## એપ્રિલથી PFમાંથી UPIથી નાણા ઉપાડી શકાશે

**ભીમ** એપ વડે ઉપાડ કરી શકાશે, ટ્રાન્ઝેક્શન દીઠ રૂ. ૨૫૦૦૦ની મર્યાદા રહેશે

**નવી દિલ્હી, તા. 18 :** આગામી એપ્રિલ મહિનાથી, કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO)ના 8 કરોડથી વધુ યોગદાન આપતા સભ્યો BHIM એપ દ્વારા યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI)નો ઉપયોગ કરીને તેમના ફંડમાંથી નાણાં ઉપાડી શકશે. એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે, આ નવી સુવિધા સભ્યોને તેમનું ઉપલબ્ધ બેલેન્સ બતાવશે, જે ઉપાડ માટેની પાત્ર રકમ અને લઘુત્તમ 25% બાકી રાખવાની રકમને અલગ-અલગ દર્શાવશે. આંતરિક ચર્ચાઓ મુજબ, શરૂઆતમાં ટ્રાન્ઝેક્શન દીઠ ઉપાડની મર્યાદા 25,000 રૂપિયા સુધી રાખવાની તૈયારી છે.

અધિકારીએ જણાવ્યું કે, સમગ્ર સિસ્ટમના વિકાસ માટે કામ ચાલી રહ્યું છે. શરૂઆતમાં ઉપાડની પ્રક્રિયા BHIM એપ દ્વારા કરવામાં આવશે, જે રકમને સીધી UPI-લિંક્ડ બેંક ખાતામાં જમા કરશે. દરેક EPFO

...અનુસંધાન પાના 3 પર

## કાશ્મીરમાં ત્રાસવાદી ફંડ માટે ક્રિપ્ટો હવાલા નેટવર્કનો ઉપયોગ થતો હોવાની શંકા

**આ હવાલા** નેટવર્ક નિષ્ફળ બનાવવા નવા પગલાઓ અમલમાં મૂકી રહેલી સરકાર

**શ્રીનગર/નવી દિલ્હી, તા. 18 (PTI):** જમ્મુ-કાશ્મીરમાં ટ્રેસ ન થઈ શકે તેવી રીતે વિદેશી ભંડોળને મોકલવા માટે દેશના નાણાકીય સુરક્ષા કવચને બાયપાસ કરીને ચાલતા એક અત્યાધુનિક ક્રિપ્ટો હવાલા નેટવર્ક અંગે સુરક્ષા એજન્સીઓએ લાલબત્તી ધરી છે. અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું કે આ નાણાંનો ઉપયોગ આતંકવાદી ગતિવિધિઓને ટેકો આપવા માટે કરવામાં આવી રહ્યો હોવાની ગંભીર આશંકાઓ સેવાઈ રહી છે.

આ શંકાને પગલે સુરક્ષા તંત્ર હાઈ એલર્ટ પર છે. અધિકારીઓએ ચેતવણી આપી છે કે આ 'શેડો ફંડ્સ'નો હેતુ અલગતાવાદી તત્વોને નવું જીવન આપવાનો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં ફરીથી રાષ્ટ્રવિરોધી પ્રચાર તેજ કરવાનો છે. ઉલ્લેખનીય છે કે પોલીસ અને કેન્દ્રીય એજન્સીઓની કડક કાર્યવાહી

...અનુસંધાન પાના 3 પર